**૧૦૦મા વિશ્વ મિશન રવિવાર, ૨૦૨૬**

**વડાધર્મગુરુ  લિઓ ચૌદમાનો સંદેશ**

**૧૮ ઓક્ટોબર ૨૦૨૬**

**ખ્રિસ્તમાં એક — મિશનમાં એકતા**

**પ્રિય ભાઈઓ અને બહેનો,**

વિશ્વ મિશન રવિવાર ૨૦૨૬ જે પિયુષ ૧૧માં દ્વારા શરૂ કરાયેલ ઉજવણીના ૧૦૦ વર્ષ પૂર્ણ થવાનું સૂચવે છે અને જે ધર્મસભા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, મેં "ખ્રિસ્તમાં એક, મિશનમાં એકતા" આ વિષય પસંદ કર્યો છે. જ્યુબિલી વર્ષ પછી, હું સમગ્ર ધર્મસભાને પવિત્ર આત્મામાં આનંદ અને નવા ઉત્સાહ સાથે તેની મિશનરી યાત્રા આગળ વધારવા પ્રોત્સાહિત કરું છું.

આ માટે જરૂરી છે કે આપણાં હ્રદયો ખ્રિસ્તમાં એક થાય, આપણા સમુદાયો સમાધાન અને પ્રેમથી ભરપૂર બને, અને દરેક વ્યક્તિ ઉદારતા તથા વિશ્વાસ સાથે મિશનમાં સહભાગી થવાની તૈયારી રાખે.

જ્યારે આપણે ખ્રિસ્તમાં એકતા અને મિશનમાં એકતા વિશે વિચારીએ છીએ, ત્યારે ચાલો દૈવી કૃપાથી પ્રેરિત થઈને, "આપણી  મિશનરી જીવનની જ્યોતને ફરી પ્રગટાવીએ" અને ધર્મસભાના આ "નવા મિશનરી યુગ"માં શુભસંદેશના પ્રચાર માટે નવી પ્રતિબદ્ધતા સાથે મળીને આગળ વધીએ. (ધર્મોપદેશ , વિશ્વ અને સ્થળાંતર કરનારાઓની જયુબિલી, ૫ ઓક્ટોબર ૨૦૨૫).

## ૧. ખ્રિસ્તમાં એક – મિશનરી શિષ્યો ખ્રિસ્તમાં અને પરસ્પરમાં એકતા અનુભવે છે

ખ્રિસ્ત સાથેનું જોડાણ મિશનનું હ્રદય છે. પોતાના દુઃખભોગ પહેલાં ઈસુએ પિતાને પ્રાર્થના કરી: "કે તેઓ બધા એક બને. જેમ તમે, પિતા, મારામાં છો અને હું તમારામાં છું, તેમ તેઓ પણ આપણામાં રહે" (યોહાન ૧૭:૨૧).

આ શબ્દો ઈસુની ઊંડી ઈચ્છા દર્શાવે છે અને સાથે જ ધર્મસભાની ઓળખને સ્પષ્ટ કરે છે—એવો સમુદાય, જે ત્રૈક્ય ઈશ્વરમાંથી જન્મે છે અને તેમના દ્વારા જ જીવંત રહે છે. આ એકતા માત્ર અંદરની બાબત નથી, પરંતુ તે તમામ મનુષ્યોમાં ભાઈચારો વધારવાનું અને સમગ્ર સર્જન સાથે સુમેળમાં જીવવાનું આમંત્રણ આપે છે.

ખ્રિસ્તી બનવું માત્ર નિયમો કે વિચારોથી મર્યાદિત નથી; તે ખ્રિસ્ત સાથેના જીવંત અને વ્યક્તિગત સંબંધમાં જીવન જીવવા જેવું છે. પવિત્ર આત્મા દ્વારા આપણે પિતા સાથેના ખ્રિસ્તના સંબંધમાં ભાગીદાર બનીએ છીએ. તેનો અર્થ એ છે કે ખ્રિસ્તમાં સ્થિર રહેવું—જેમ વેલા સાથે જોડાયેલી ડાળીઓ હોય છે (યોહાન ૧૫:૪)—અને ત્રૈક્ય પરમેશ્વરના જીવનમાં ડૂબી જવું.

આ જોડાણ શ્રધ્ધાળુઓમાં પરસ્પર એકતા અને સંવાદિતાને જન્મ આપે છે અને જે  મિશનરી ફળદાયીતાનો મુખ્ય સ્ત્રોત બને છે. જેમ સંત યોહાન પોલ દ્વિતીયે કહ્યું છે: "સંવાદિતા મિશનનું સ્ત્રોત પણ છે અને તેનું ફળ પણ છે" (*ક્રિસ્ટીફિડેલ્સ લાઈસી*, ૩૨).

આ સંદર્ભમાં, ધર્મસભાની મુખ્ય મિશનરી જવાબદારી એ છે કે તે પોતાના સભ્યોમાં આધ્યાત્મિક અને ભાઈચારા આધારિત એકતાને નવી ઊર્જા આપે અને તેને દૃઢપણે જાળવી રાખે. ઘણીવાર આપણે સંઘર્ષ, ધ્રુવીકરણ, ગેરસમજ અને પરસ્પર વિશ્વાસના અભાવ જેવી પરિસ્થિતિઓનો સામનો કરીએ છીએ. જ્યારે આવી સ્થિતિઓ આપણા પોતાના સમુદાયોમાં જ ઊભી થાય છે, ત્યારે તે આપણા સાક્ષીને નબળું બનાવે છે.

ખ્રિસ્તે પોતાના શિષ્યોને સોંપેલા શુભસંદેશ પ્રચારના મિશનને સાર્થક બનાવવા માટે સૌથી પહેલાં એવા હૃદયોની જરૂર છે, જે સમાધાન માટે તૈયાર હોય અને સંવાદ માટે ખુલ્લા હોય. તેથી, વિશ્વભરના તમામ ખ્રિસ્તી સમુદાયો સાથે મળીને વધુ એકતા અને સહકારથી પ્રયત્નોને મજબૂત બનાવવું અત્યંત આવશ્યક છે. ખાસ કરીને, નાસિયા પરિષદની ૧૭૦૦મી વર્ષગાંઠની સંયુક્ત ઉજવણી આપણને એકતાને વધુ ગાઢ બનાવવા માટે એક મહત્વપૂર્ણ તક પ્રદાન કરે છે, જેને આપણે પૂર્ણ રીતે ઉપયોગમાં લેવી જોઈએ.

છેલ્લે, "ખ્રિસ્તમાં એક" બનવું એ આપણને પ્રભુ પર આપણી નજર અડગ રાખવા આમંત્રિત કરે છે, જેથી તેઓ ખરેખર આપણા જીવન અને આપણા સમુદાયોનું કેન્દ્ર બની શકે. આપણા દરેક શબ્દમાં, દરેક ક્રિયામાં અને દરેક આંતરવ્યક્તિક સંબંધમાં તેઓ કેન્દ્રસ્થાન ધરાવે — જેથી આપણે આશ્ચર્યભેર કહી શકીએ: "હવે હું જીવતો નથી, પરંતુ ખ્રિસ્ત મારામાં જીવે છે" (ગલાતીયા ૨:૨૦).

તેમના વચનને સતત સાંભળતાં અને સંસ્કારોની કૃપા દ્વારા જીવતાં, આપણે ધર્મસભાના "જીવંત પથ્થરો" બની શકીએ છીએ. આજના સમયમાં ધર્મસભા ને બીજી વેટિકન પરિષદના મૂળભૂત સંદેશાઓ અને ત્યારબાદના વડાધર્મગુરુની અધિકારીતા , ખાસ કરીને પોપ ફ્રાન્સિસના માર્ગદર્શન પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે બોલાવવામાં આવી છે.

હકીકતમાં, જેમ સંત પાઉલ કહે છે: "અમે અમારી જાતનો પ્રચાર નથી કરતા, પણ ઈસુ ખ્રિસ્ત એ પ્રભુ છે એની અમે ઘોષણા કરીએ છીએ" (૨ કરિંથ ૪:૫). આ કારણસર, હું સંત પાઉલ છઠ્ઠાના શબ્દોને પુનરાવર્તિત કરું છું: "જો નાઝરેથના ઈસુ, ઈશ્વર પુત્રનું નામ, તેમનું શિક્ષણ, તેમનું જીવન, તેમના વચનો, તેમનું રાજ્ય અને તેમનું રહસ્ય જાહેર કરવામાં ન આવે, તો કોઈપણ પ્રચાર સાચો ગણાતો નથી" (પ્રેષિતીક ઉપદેશ ઈવાન્જેલી નુન્તીઆંદી, ૨૨).

આ સાચા પ્રચારની પ્રક્રિયા દરેક ખ્રિસ્તીના હૃદયથી શરૂ થાય છે અને સમગ્ર માનવજાત સુધી વિસ્તરે છે. તેથી, જેટલા વધુ આપણે ખ્રિસ્તમાં એક થઈએ છીએ, તેટલા વધુ સક્ષમ બનીએ છીએ અને સાથે મળીને તે મિશન પૂર્ણ કરી શકીએ, જે તેમણે આપણને સોંપ્યું છે.

### ૨. મિશનમાં એકતા – જેથી દુનિયા ખ્રિસ્ત પ્રભુમાં વિશ્વાસ કરી શકે

શિષ્યોની એકતા પોતે જ અંત નથી; તે મિશન તરફ દોરી જાય છે. ઈસુ સ્પષ્ટપણે કહે છે: "જેથી દુનિયા માને કે તમે મને મોકલ્યો છે" (યોહાન ૧૭:૨૧). સુમેળભર્યા ભાઈચારા અને સંયુક્ત સમુદાયની સાક્ષી દ્વારા જ શુભસંદેશની ઘોષણા તેની સંપૂર્ણ પ્રભાવશાળી શક્તિ પ્રાપ્ત કરે છે.

આ દૃષ્ટિકોણથી, સુધન્ય પાઓલો માન્નાનું સૂત્ર — "સમગ્ર વિશ્વના નવીનીકરણ માટે સમગ્ર ધર્મસભા" — યાદ કરવા યોગ્ય છે, જે ૧૯૧૬ માં પોન્ટીફિકલ મિશનરી યુનિયનની સ્થાપનાને પ્રેરણા આપનાર આદર્શને સંક્ષિપ્ત રીતે વ્યક્ત કરે છે. તેની ૧૧૦ મી વર્ષગાંઠ નિમિત્તે, હું પુરોહિતો, પવિત્ર જીવન જીવતા વ્યક્તિઓ અને સામાન્ય વિશ્વાસુઓમાં મિશનરી

ભાવનાને પ્રેરિત કરવા અને તેને ઘડવા, તેમજ તમામ શુભસંદેશ પ્રચારના પ્રયત્નોમાં એકતાને પ્રોત્સાહિત કરવા માટે તેની પ્રતિબદ્ધતા બદલ મારી કૃતજ્ઞતા અને આશીર્વાદ વ્યક્ત કરું છું.

હકીકતમાં, કોઈપણ સ્નાનસંસ્કાર પ્રાપ્ત વ્યક્તિ મિશનથી મુક્ત નથી કે તેના પ્રત્યે ઉદાસીન રહી શકે નહીં. દરેક વ્યક્તિ, પોતાના વ્યવસાય અને જીવનપરિસ્થિતિ અનુસાર, ખ્રિસ્તે પોતાની ધર્મસભાને સોંપેલા મહાન કાર્યમાં ભાગ લે છે. પોપ ફ્રાન્સિસે વારંવાર આપણને યાદ અપાવ્યું છે કે શુભસંદેશની ઘોષણા હંમેશા સુમેળભરી, સાંપ્રદાયિક અને સહભાગિતાની ક્રિયા છે.

આ સંદર્ભમાં, હું પોન્ટિફિકલ મિશન સોસાયટીઓનો મિશનરી સહયોગ માટે તેમની સેવાઓ બદલ આભાર વ્યક્ત કરું છું, જેનો અનુભવ મેં પેરુમાં મારા સેવાકાર્ય દરમિયાન કૃતજ્ઞતાપૂર્વક કર્યો હતો. આ સોસાયટીઓ — પ્રચારનો વિશ્વાસ, પવિત્ર બાળપણ, સેન્ટ પીટર ધર્મપ્રચારક અને પોન્ટિફિકલ મિશનરી યુનિયન — તમામ ઉંમરના વિશ્વાસુઓમાં મિશનરી જાગૃતિનું પોષણ અને નિર્માણ કરે છે, તેમજ પ્રાર્થના અને દાન દ્વારાપ્રોત્સાહિત કરી વિશ્વભરના સમુદાયોને જોડે છે.

અહીં નોંધવું યોગ્ય છે કે "પ્રચારનો વિશ્વાસ" સોસાયટીની સ્થાપિકા સુધન્ય પૌલિન મેરી જેરીકોટે બસો વર્ષ પહેલાં "જીવંત ગુલાબમાળા"ની સ્થાપના કરી હતી. આજ સુધી, તે વિશ્વભરના અનેક વિશ્વાસુઓને વિવિધ આધ્યાત્મિક અને મિશનરી જરૂરિયાતો માટે પ્રાર્થનામાં એકત્રિત કરે છે.

તે ઉપરાંત, "પ્રચારનો વિશ્વાસ" સોસાયટીના પ્રસ્તાવને અનુસરીને, પિયુષ ૧૧ માં એ ૧૯૨૬ માં "વિશ્વ મિશન દિવસ" ની સ્થાપના કરી હતી. આ દિવસે એકત્રિત થતી વાર્ષિક ભેટોનું વિતરણ સોસાયટી દ્વારા પોપ તરફથી ધર્મસભાના મિશનની વિવિધ જરૂરિયાતોને સહાય આપવા માટે કરવામાં આવે છે.

આ રીતે, આ ચારેય સોસાયટીઓ, એકંદરે અને પોતાની વિશિષ્ટતા સાથે, સમગ્ર ધર્મસભા માટે મૂલ્યવાન ભૂમિકા ભજવે છે. તેઓ એકતા અને ધર્મસભાના મિશનરી સ્વરૂપનું જીવંત ચિહ્ન છે. તેથી, હું દરેકને કૃતજ્ઞતાની ભાવનાથી તેમને સહકાર આપવા આમંત્રિત કરું છું.

**૩. પ્રેમનું મિશન – પરમેશ્વરના વિશ્વાસુ પ્રેમનો પ્રચાર કરવો, જીવવું અને વહેંચવું**

જો એકતા મિશનની આવશ્યક સ્થિતિ છે, તો પ્રેમ તેનો મૂળ સાર છે. જે શુભસંદેશ આપણને દુનિયામાં જાહેર કરવા માટે સોંપવામાં આવ્યો છે તે કોઈ અમૂર્ત આદર્શ નથી; તે ઈશ્વરના વિશ્વાસુ પ્રેમનો શુભસંદેશ છે, જે ઈસુ ખ્રિસ્તના ચહેરા અને જીવનમાં સાકાર થયો છે.

શિષ્યો અને સમગ્ર ધર્મસભાનું મિશન પવિત્ર આત્મામાં ખ્રિસ્તના મિશનને આગળ વધારવાનું છે — એવું મિશન જે પ્રેમમાંથી જન્મે છે, પ્રેમમાં જીવતું રહે છે અને પ્રેમ તરફ દોરી જાય છે. હકીકતમાં, પ્રભુ પોતે, પોતાના દુઃખભોગ પહેલાં પિતાને કરેલી મહાન પ્રાર્થનામાં, પોતાના શિષ્યોમાં એકતાનું આહ્વાન કર્યા પછી કહે છે: "જેથી મારા પ્રત્યેના તારા પ્રેમમાં તેઓ પણ સહભાગી બને, અને હું એમનામાં વસું" (યોહાન ૧૭:૨૬)

ખ્રિસ્તના પ્રેમથી પ્રેરાઈને, પ્રેષિતો ખ્રિસ્તનો પ્રચાર કરવા નીકળ્યા (૨ કરિંથ ૫:૧૪). તે જ રીતે, સદીઓથી અસંખ્ય ખ્રિસ્તીઓ — શહીદો, વિશ્વાસના સાક્ષીઓ અને મિશનરીઓ — એ આ ઈશ્વરીય પ્રેમને દુનિયા સમક્ષ પ્રગટ કરવા

પોતાના જીવનનું બલિદાન આપ્યું છે. આ રીતે, પવિત્ર આત્મા, જે પ્રેમનો આત્મા છે, તેના માર્ગદર્શન હેઠળ ધર્મસભાનું પ્રચાર મિશન સમયના અંત સુધી ચાલુ રહેશે.

હું આજના અદ જેન્તેસ મિશનરીઓ પ્રત્યે વિશેષ કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. સંત ફ્રાન્સિસ ઝેવિયરની જેમ, તેઓ શુભસંદેશનો પ્રચાર કરવા અને ખ્રિસ્ત તથા તેમના પ્રેમને એવા વિસ્તારોમાં પહોંચાડવા માટે પોતાનું વતન, પરિવાર અને સલામતી છોડીને આગળ વધ્યા છે — એવા વિસ્તારોમાં, જે ઘણી વખત ગરીબી, સંઘર્ષ અથવા સાંસ્કૃતિક અંતરોથી ભરેલા હોય છે. પ્રતિકૂળ પરિસ્થિતિઓ અને માનવીય મર્યાદાઓ હોવા છતાં, તેઓ આનંદપૂર્વક પોતાનું અર્પણ કરતા રહે છે, કારણ કે તેઓ જાણે છે કે ખ્રિસ્ત અને તેમનો શુભસંદેશ એ સૌથી મહાન ખજાનો છે જે આપણે દુનિયાને આપી શકીએ.

તેમની દૃઢતા દ્વારા તેઓ બતાવે છે કે ઈશ્વરનો પ્રેમ દરેક અવરોધને પાર કરી શકે છે. વિશ્વને આજે પણ આવા હિંમતવાન સાક્ષીઓની જરૂર છે, અને ધર્મસભાના સમુદાયોને નવા મિશનરી તેડાઓની જરૂર છે. તેથી, આપણે તેમને હંમેશા આપણા હૃદયમાં સ્થાન આપવું જોઈએ અને પિતાને સતત તેમની માટે પ્રાર્થના કરવી જોઈએ — જેથી તે આપણને એવા યુવાનો અને પુખ્ત વયના લોકો આપે, જે પૃથ્વીના છેડા સુધી પણ ખ્રિસ્તને અનુસરવા માટે બધું ત્યાગ કરવા તૈયાર હોય.

પુરુષ અને સ્ત્રી મિશનરીઓ પ્રત્યે ગાઢ પ્રશંસાથી પ્રેરાઈને, હું સમગ્ર ધર્મસભાને ખાસ વિનંતી કરું છું કે તેઓ પોતાના જીવનની સાક્ષી, પ્રાર્થના અને મિશનમાં સક્રિય સહભાગિતા દ્વારા શુભસંદેશ પ્રચારના આ મિશનમાં જોડાય. જેમ આસીસીના સંત ફ્રાન્સિસે કહ્યું હતું: "પ્રેમ પ્રગટ થવા ઇચ્છે છે," અને તેમની આઠસોમી પુણ્યતિથીના પ્રસંગે આપણે તેમને વિશેષ રીતે યાદ કરીએ છીએ.

ચાલો, આપણે પ્રભુના પ્રેમમાં જીવવાની અને તેને નજીક તથા દૂરના લોકો સુધી પહોંચાડવાની તેમની ભાવનામાંથી પ્રેરણા લઈએ, કારણ કે, જેમ તેમણે કહ્યું: "આ પ્રેમ, જેણે આપણને એટલો પ્રેમ કર્યો છે, તે આપણાથી પણ એટલો જ પ્રેમ પામવા યોગ્ય છે" (સંત બોનાવેન્ચર, *ધ લાઈફ ઓફ સેન્ટ ફ્રાન્સિસ*, અધ્યાય ૯:૧)

ચાલો, આપણે બાળ ઈસુના સંત થેરેસ્યાના ઉત્સાહમાંથી પણ પ્રેરણા લઈએ, જેમણે કહ્યું હતું: "હું સ્વર્ગમાં પણ એ જ કરવું ઈચ્છું છું જે હું હવે પૃથ્વી પર કરું છું — ઈસુને પ્રેમ કરવો અને તેમને પ્રેમ કરાવવો" (પત્ર ૨૨૦, ૨૪ ફેબ્રુઆરી ૧૮૯૭).

આ તમામ સાક્ષીઓથી પ્રેરાઈને, ચાલો આપણે સૌ પોતાના વ્યવસાય અને મળેલી ભેટો અનુસાર પ્રચારના આ મહાન મિશનમાં યોગદાન આપવા પ્રતિબદ્ધ બનીએ — કારણ કે આ મિશન હંમેશા પ્રેમનું કાર્ય છે.

તમારી પ્રાર્થનાઓ અને વ્યવહારુ સહાય, ખાસ કરીને વિશ્વ મિશન દિવસ પર, દરેક વ્યક્તિ સુધી — ખાસ કરીને ગરીબ અને સૌથી વધુ જરૂરિયાતમંદ લોકો સુધી — ઈશ્વરના પ્રેમનો શુભસંદેશ પહોંચાડવામાં અત્યંત મહત્વપૂર્ણ છે. દરેક ભેટ, ભલે તે કેટલીય નાની કેમ ન હોય, મિશનરી કાર્યમાં મૂલ્યવાન ફાળો આપે છે.

હું "વિશ્વભરના મિશનરીઓને મદદ કરવા માટે તમે જે કંઈ કરો છો તેના માટે" મારી હૃદયપૂર્વક કૃતજ્ઞતા વ્યક્ત કરું છું (વિશ્વ મિશન દિવસ ૨૦૨૫ માટેનો વિડિયો સંદેશ, ૧૯ ઓક્ટોબર ૨૦૨૫ ).

આધ્યાત્મિક એકતા વધે તે માટે, હું તમને આ સરળ પ્રાર્થના સાથે મારા આશીર્વાદ અર્પણ કરું છું:

પવિત્ર પિતા, અમને ખ્રિસ્તમાં એક બનાવો અને તેમના પ્રેમમાં મૂળબદ્ધ કરો — એવો પ્રેમ જે એકતા લાવે છે અને નવીનીકરણ કરે છે. ધર્મસભાના બધા સભ્યો મિશનમાં એક બને, પવિત્ર આત્માને આધીન રહે, શુભસંદેશની સાક્ષી આપવા હિંમતવાન બને, અને તમામ લોકો માટે તમારા વિશ્વાસુ પ્રેમની ઘોષણા કરે તેમજ રોજિંદા જીવનમાં તેને જીવંત બનાવે.

બધા મિશનરી પુરુષો અને સ્ત્રીઓને આશીર્વાદ આપો; તેમના પ્રયત્નોમાં તેમને મજબૂત બનાવો અને આશાથી તેમનું રક્ષણ કરો.

મિશનની રાણી માતા મરિયમ , પૃથ્વીના દરેક ખૂણામાં આપણા પ્રચાર કાર્યમાં અમારી સાથે રહો. અમને શાંતિના સાધન બનાવો અને એવું કરો કે આખી દુનિયા ખ્રિસ્તમાં પ્રગટ થયેલા ઉદ્ધારના પ્રકાશને ઓળખે. આમીન.

વેટિકનથી, ૨૫ જાન્યુઆરી ૨૦૨૬<br>
સામાન્ય કાળ નો ત્રીજો રવિવાર<br>
સંત પાઉલના હૃદયપલટાનો તહેવાર<br>
વડા ધર્મગુરુ લીઓ ૧૪માં